ક્રમાંક/મઉમશબ/સંશોધન/૨૦૧૭/
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા. ૧૭/૧/૨૦૧૭.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષયઃ- ધોરણ-૯ થી ૧૦ નાં બાળકોની ડ્રોઇંગ/પેઇન્ટીંગ હરિફાઇ પ્રજાસત્તાક દિનની ઉજવણીનાં સંદર્ભમાં યોજવા અંગે.

સંદર્ભઃ- CBSEના પરિપત્ર NO. Acad-02/2017 તા. ૧૨/૧/૨૦૧૭.

૧ પ્રજાસત્તાક દિવસ ઉજવણી ૨૦૧૭નાં ભાગરૂપે કરવાની પ્રવૃત્તિની જાહેરાત માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરાઇ છે, જેમાં ડ્રોઇંગ/પેઇન્ટીંગની હરીફાઇ ધોરણ-૬ થી ધોરણ-૧૦ માં આયોજન કરવાનું છે.

૨ માધ્યમિક વિભાગની હરિફાઇ માટેનાં ટોપિક્સ/કેટેગરી આ મુજબ છે.

| વિધાર્થીની કેટેગરી | ટોપિક (વિષય) હરિફાઇના(માધ્યમિક વિભાગ માટે) |
|---|---|
| કેટેગરી-૨ ધો.૯ થી ધો.૧૦ | એક ભારત શ્રેષ્ઠભારત, ડીજીટલ ઇન્ડીયા |

3 વિધાર્થીઓ A4 સાઇઝનો કાગળ, અને ઓઇલ/પેસ્ટલ/વોટર કલર પોતાની પસંદગી મુજબ ઉપયોગ કરી શકશે.

૪ હરિફાઇનો સમય નીચે મુજબ રહેશે.

| પ્રવૃતિ | તારીખ |
|---|---|
| શાળા કક્ષાએ પ્રવૃતિની તારીખ | ૧૯ જાન્યુઆરી-૨૦૧૭ |
| શાળાના શ્રેષ્ઠ પાંચ વિજેતાની એન્ટ્રી મોકલવાની તારીખ જિલ્લા શિક્ષાધિકારી કચેરી ખાતે | ૨૧ જાન્યુઆરી -૨૦૧૭ સાંજ ૫.30 સુધી |
| જિલ્લા કક્ષાની કચેરીએથી રાજ્યકક્ષાએ માધ્યમિક શિક્ષણ બોર્ડની સંશોધન શાખામાં જિલ્લાની શ્રેષ્ઠ દસ(૧૦) એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ | ૨૩- જાન્યુઆરી -૨૦૧૭ |
| બોર્ડ દ્વારા રાજ્યની ૨૦ (વીસ) શ્રેષ્ઠ એન્ટ્રી MHRDની વેબસાઇટ પર અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૪- જાન્યુઆરી -૨૦૧૭ |

૫ MHRD ની વેબસાઇટ પર અપલોડીંગ માટે ૨૦ એન્ટ્રી રાજ્યક્ષાએથી પસંદ કરવાની અને અપલોડીંગ કરવાની હોવાથી જિલ્લાકક્ષાએથી વિજેતાઓની યાદી સાથે અસલ કૃતિઓ ગાંધીનગર ખાતે તા.૨૪/૧/૨૦૧૭ ના બપોરના ૧૨.૦૦ કલાક સુધીમાં મોકલી આપવા જિલ્લા શિક્ષણાધિકરીશ્રીઓને વિનંતી છે. સમય મર્યાદા બાદ મળેલી કૃતિઓ સ્પર્ધા માટે ધ્યાને લેવાશે નહિ.

૬ વિજેતા માટે કોઇ રોકડ ઇનામો આપવાના નથી જોકે ભાગલેનાર વિધાર્થીઓને e-સર્ટિફિકેટ આપવામાં આવશે તેમજ ઉત્તમ કૃતિના વિજેતા વિધાર્થીઓ માટે e-સર્ટિફિકેટ ઓફ મેરીટ આપવામાં આવશે.

૭ શાળાના આચાર્યશ્રીઓને વિનંતી કે પોતાની શાળાના બાળકોને માહિતગાર કરી આ પ્રવૃતિમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે.

૮ કૃતિઓનું મૂલ્યાંકન તેની મૌલિક અભિવ્યક્તિ, રજૂઆત અને વિષયની સુસંગતતા તેમજ કૌશલ્ય પર થશે.

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.